સંક્ષિપ્ત સમાચાર

બેડાસણ ગામે મહિલાએ ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું

અરવલ્લી જીલ્લાના ભિલોડા પાસેના બેડાસણ ગામે મહિલાએ ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું. ભિલોડા પોલીસ સુત્રો ધ્વારા મળતી માહિતી મુજબ બેડાસણ ગામના રંજનબેન પ્રવિણભાઈ પરમાર, ઉં.વ.આ. ૨૫ નાઓએ તા.૫/૨/૦૧૬ ના રોજ કોઈ પણ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં તેઓને સારવાર અર્થે ભિલોડાની કોટેઝ હોસ્પિટલમાં લવાયા હતા. સારવાર દરમ્યાન મૃત્યું થયાનું જાણવા મળ્યું છે.

ભિલોડા તાલુકાના માંકરોડામાં વર્ષો જુના ધુળીયા રસ્તાનો ડામર કામ હાથ ધરાયું

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના માંકરોડામાં વર્ષો જુના ધુળીયા રસ્તાનો ડામર કામ હાથ ધરાયું છે. માંકરોડા ગામના વર્ષો જુના ધુળીયો અને ઉબડ-ખાબડ રસ્તાનું રૂા. ૨૦ લાખના ખર્ચે નવિન રસ્તા માટે ડામર કામ વહીવટી તંત્ર અને કોન્ટ્રાક્ટર ધ્વારા કામકાજ ધ્વારા શુભારંભ કરાતાં પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે. વાંસળી ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ ઈન્દુબેન ભાવિનભાઈ તબિયાર અને ગ્રામજનો ધ્વારા વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો કરાતાં વર્ષો જુના ધુળીયા રસ્તા ઉપર ડામરનો નવિન રસ્તાનું કામકાજ હાથ ધરાયું છે.

ભિલોડામાં આમ આદમી પાર્ટીના કાર્યકરો ધ્વારા મામલતદારને આવેદનપત્ર

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં આમ આદમી પાર્ટીના હોદ્દેદારો, કાર્યકરો ધ્વારા ભિલોડા મામલતદારને આવેદનપત્ર અપાયુ હતું. ભિલોડા આમ આદમી પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરોએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલની પુત્રી અનાર પટેલને સરકાર ધ્વારા ૪૦૦ એકર જમીન પાણીના ભાવે આપી વ્યાપક ભ્રષ્ટ્રાચાર થયેલ હોવાનો આક્ષેપો થઈ રહ્યા છે ત્યારે આ ભ્રષ્ટ્રાચાર સંદર્ભે ઉચ્ચ ન્યાયાલયના નિવૃત જજ ધ્વારા સત્વરે ન્યાયિક કાયદેસરની તપાસ કરવામાં આવે, સત્ય બહાર લાવવામાં આવે તેવી કાયદેસરની કાર્યવાહી કરવા આમ આદમી પાર્ટીના ભિલોડા તાલુકાના હોદ્દેદારો, કાર્યકરો, ડી. બી. ડામોર, મુકેશભાઈ પટેલ, એસ. જે. ડામોર, આર. એમ. વરસાત, એ.ડી. વરસાત ધ્વારા ભિલોડા મામલતદાર જી. કે. પટેલને આવેદનપત્ર અપાયું હતું.

વદરાડ એકસેલન્સમાં વૈજ્ઞાનિકોની બેઠક

સલાલ, તા.૭

પ્રાંતિજ તાલુકાના વદરાડ સેન્ટર ઑફ એક્સેલન્સ ફોર પ્રોટેકટેક કલ્ટીવેશન એન્ડપ્રિસિઝન ફાર્મિગ ઑન વેજીટેબલમાં શનિવારના રોજ ગુજરાતની રાજયના બગાયત વિભાગ દ્વારા ચાર યુનિવર્સિટીમાંથી વૈજ્ઞાનિકો તેમજ મોટા ખેડૂતોની બાગાયત ખેતી માટે આગળ શું અને તેમાં યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો શું મદદ કરી શકે. તે માટેની એક બેઠક યોજવામાં આવી હતી.

આ અંગે જિલ્લા બાગાયાત અધિકારી જે.કે. પટેલ, તેમજ નિલેશભાઈ પટેલ, બાગાયત વિભાગ પ્રાંતિજઓએ ખેડૂત મિત્રોને જણાવ્યું હતું કે બાયાગય વિભાગ હરણભાળ ભરી છે. ૨૦૦%જેટલી વિભાગમાં પ્રગતિ થઈ છે.

સીતવાડા ગ્રામ પંચાયતે ખનીજચોરી અટકાવવા પોલીસ-તંત્ર વિરૂદ્ધ અરજી

એજન્સી દ્વારા સદર બાબતે તપાસ કરાવી યોગ્ય પગલાં લેવા માંગ

પ્રાંતિજ,તા. ૭

પ્રાંતિજ તાલુકાના સીતવાડા ગ્રામ પંચાયત દ્વારા સાબરમતી નદીના પટમાં રેતી તથા કંકણની લીઝો ગેરકાયદેસર રીતે ચાલતી હોવાની ફરીયાદ સાથે પોલીસ તંત્ર અને ખાણ-ખનીજ વિરૂદ્ધમાં લાલ આંખ કરતા લેખીતમાં સાત જગ્યાએ ફરીયાદ કરતા લીઝ ગ્રાહકો સહિત મીલીભગત અધિકારીઓ તથા ગેરકાયદેસર ખનિજ ચોરી કરતાં લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે. ત્યારે રાત-દિવસ ચાલી રહેલ બેરોકટોક ખનીજ ચોરી છતાં તંત્ર હમાની લ્હાયમાં આંખે પાટા બાંધી સબ સલામતના ગાણાની સીતવાડા ગ્રામ પંચાયતે પોલ ખોલી હોય તેવું જણાઈ રહ્યું છે.

પ્રાંતિજના સીતવાડા પાસે આવેલ સાબરમતી નદીમાં બેરોકટોક લીઝધારકો તથા લીઝ ના હોવા છતાં ખનીજ ચોરી થતી હોવા છતાં ખનીજ તંત્ર દ્વારા ખાલી કાગળ ઉપર બતાવવા પુરતી માત્ર ઓવરલોડ કે એક બે પાસ પરમીટ વગરની ગાડીઓ પકડી માત્ર તંત્ર જાગૃત છે. દેખાવ પુરતુ બતાવી હમાની લ્હાયમાં નિરાંતની ઉંઘ લે છે. જ્યારે ખાણખનીજના કેટલાક મોટા અધિકારીઓ પણ અંદર પેટે લીઝોમાં ભાગીદાર હોવાથી ભૂમાફિયાઓ ગેરકાયદેસર રીતે ખોદકામ કરે છે અને રાત્રીનો પ્રતિબંધ હોવા છતાં વગર પાસ પરમીટ વગર રાત્રીના ટ્રક, ટર્બો, ટ્રેક્ટરો ભાગદોડ કરે છે અને ગામમાંથી રાત્રીના સમયે પસાર થતાં વાહનોના ઘોઘાટના કારણે ગ્રામજનોની ઉંઘ હરામ થઈ જાય છે. જ્યારે નદીમાં રેડ કરવાની હોય તે અગાઉ ખાણ-ખનીજ વિભાગના જ કર્મચારીઓ છુપી માહિતી અગાઉ આપી દેતા ખનીજ ચોરો સહિત ખનીજ ચોરીમાં ઉપયોગમાં લેવામાં આવતા સાધનો હિટાચી જેવા મશીનો અને ટ્રકો સગેવગે કરી નાખે છે. ત્યારે રીત્રીના સમયે પોલીસ પણ પેટ્રોલિંગ દરમ્યાન ઓવરલોડ ટર્બા તથા ટ્રેક્ટર ડ્રાઈવરો નશો કરેલ હાલતમાં હોવા છતાં અને વિમો કે લાયસન્સ વિના ભાગદોડ કરતાં હોવા છતાં માત્ર પૈસાની લ્હાયમાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી ત્યારે સીતવાડા ગ્રામ પંચાયત દ્વારા સાબરમતી નદીના પટમાં ચાલતી રેતી કંકણની ગેરકાયદેસર ચાલતી લીઝો તથા ખાણ-ખનીજ વિભાગ કે પોલીસતંત્ર સિવાય અન્ય એજન્સી દ્વારા સદર તપાસ કરાવી યોગ્ય પગલાં લેવા ખાણ અને ખનીજ મંત્રી ગાંધીનગર, ભૂસ્તર ખાણ અને ખનીજ કમિશનર ગાંધીનગર, ભૂસ્તર શાસ્ત્રી, હિંમતનગર, રેન્જ આઈ.જી. ગાંધીનગર, જિલ્લા પોલીસ વડા હિંમતનગર, નાયબ કલેક્ટર પ્રાંતિજ, મામલતદાર પ્રાંતિજ સહિત કુલ સાત જગ્યાએ લેખિતમાં યોગ્ય પગલાં લેવાય તે માટે સીતવાડા ગ્રામ પંચાયત દ્વારા અરજી કરવામાં આવી છે. હવે જોવાનું એ રહ્યું કે શું ખરેખર તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવશે કે કેમ એ હવે જોવાનું રહ્યું.

ગઢા ગામે પિયર ગયેલી પત્નિને તેડવા ગયેલા યુવાન પર સાસરીયાઓનો હિચકારો હૂમલો

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મેઢાસણ ગામના યુવાનની પત્નિ ત્રણ મહિના પહેલા રીસાઈને પિયર બેસી ગઈ હતી. યુવકના કુટુંબમાં લગનપ્રસંગ હોવાથી

સમાજના અગ્રણીઓ દ્વારા સાસરીપક્ષ સાથે સમાધાન થતાં યુવતિના પરીવારજનોએ અને સમાજના અગ્રણીઓએ યુવકને પિયર ગયેલી પત્નિને તેડી જવા જણાવતા યુવક ગઢા ગામે સાસરીમાં જતાં યુવકને જોઈને એકાએક ઉશ્કેરાઈ સાસરી પક્ષવાળાએ હિચકારો હૂમલો કરી યુવકને ગંભીર રીતે ઘાયલ કરી દેતાં યુવકને હિંમતનગર ખાતે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

મોડાસા તાલુકાના મેઢાસણ ગામના ઈમ્તીયાઝહુસેન રફીકમોહમંદ મનસુરીના લગ્ન સમાજના રીતરિવાજ મુજબ ગઢા ગામની અફસાબાનુ મનસુરી સાથે થયા હતા. ત્રણ મહિના અગાઉ મહિલાને કોઈ વાતે વાંધો પડતાં રિસાઈને પોતાના પિયર ચાલી ગઈ હતી. પરંતુ યુવકના કુટુંબમાં લગનપ્રસંગ હોવાથી સમાજના અગ્રણીઓ દ્વારા સાસરીપક્ષ સાથે સમાધાન થતાં યુવતિના પરીવારજનોએ અને સમાજના અગ્રણીઓએ યુવકને પિયર ગયેલી પત્નિને તેડી જવા જણાવતાં ઈમ્તીયાઝ હુસેન શનિવારે ગઢા ગામે સાસરીમાં જતાં યુવકને જોઈને એકાએક ઉશ્કેરાઈ સાસરીપક્ષના નજીરહુસેન કાસમભાઈ મનસુરી, રસુલભાઈ કાસમભાઈ મનસુરી, બીનમોહમંદ અહમદ અબ્બાસ મનસુરી (તમામ રહે. ગઢા, તા. મોડાસા) તેમજ મુમતાઝબેન ઝાકીરહુસેન મનસુરી (રાયગઢ, તા. હિંમતનગર)એ ગેરકાયદેસર મંડળી રચીને યુવકને બિભત્સ નઠારી ગાળો બોલી, ગડદાપાટુનો માર મારી, શરીર પર ઈજાઓ પહોંચાડતા યુવકના પરીવારજનોએ તોબડતોબ હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયો હતો.

માનપુર ગામમાં બ્લોક સર્વે નં-૨૬માં સરપંચ પતિ દ્વારા દબાણ યથાવત

બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના માનપુર (શિ.) ગામમાં બ્લોક સર્વે નંબર-૨૬ ગૌચર જમીનમાં દબાણ કરી એરંડાનું વાવેતર કર્યું

શિહોરી, તા.૭

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના માનપુર (શિ.) ગામે સરપંચ પતિ વાઘેલા રણુભા જામાજીએ સરકારી રેકોર્ડ ઉપર ગ્રામ પંચાયતના ખાતા નં. ૧૫૫ સર્વે નં. ૨૬માં બિન કાયદેસર દબાણ કરી એરંડાનું વાવેતર કરેલ જે બાબતે માનપુર (શિ.) ગામના એક જાગૃત નાગરિક દ્વાર લેખિત રજૂઆત કરતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જે ગૌચર જમીન પશુઓના ઘાસ-ચારા માટે છે. તેજ જમીનમાં સરપંચ પતિ દ્વારા ગૌચરમાં એરંડાનું વાવેતર કરતાં નીલગાયો અને રખડતાં પશુઓ બેફામ થવા પામ્યા છે.

ત્યારે કાંકરેજ તાલુકાનાં વ્યસનમુક્તિ અભિયાનો ચલાવવામાં આવી રહ્યા છે જેમાં માનપુર (શિ.) માં દારૂની બદી વકરી છે. જેઓને સરપંચે દારૂ બંધી કરાવવા સર્વે ગામ લોકો ભેગા કરી બંદોબસ્ત કરવામાં આવતા ગામ લોકો એ દબાણની વાત કરતા સરપંચ ઉશ્કેરાઈ ગયા અને કહ્યું કે, 'જે થાય તે કરી લેજો. હું દબાણ હટાવીશ નહીં.'

જેથી કરીને જાગૃત નાગરિકે ૧. વિકાસ કમિશ્નર, ગાંધીનગર, ૨. કલેક્ટર બનાસકાંઠા, ૩. તાલુકા વિકાસ અધિકારી, કાંકરેજ, ૪. મામલતદાર, કાંકરેજને લેખિત રજૂઆત કરવામાં આવી છે. જો કે થોડા સમય પહેલા જ કાંકરેજ તાલુકાના માંડલા ગામમાં દબાણ હટાવાયું હતું. અને સરકારે ઉભા પાંકોમાં જેસીબી મશીન ફેરવ્યું હતું. હવે જોવું રહ્યું કે માનપુરના સર્વે નં. ૨૬ માં દબાણ દૂર થાય છે કેમ કેમ...!!!

હિંમતનગરમાં મહેસાણાની વિદ્યાર્થિની પર કરાયેલા એસિડ એટેકના વિરોધમાં રેલી કાઢી

હિંમતનગર, તા.૭

મહેસાણા કોલેજમાં ભણતી એક યુવતી પર થોડા દિવસ અગાઉ એક તરફી પ્રેમમાં પાગલ બનેલ એક યુવાને એસિડ એટેક કરીને તેણીને દઝાડી દીધી હતી. જેના વિરોધમાં શુક્રવારે સાબરકાંઠા જિલ્લા મહિલા કોંગ્રેસ દ્વારા રેલી કાઢી કલેકટરને સંબોધી આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

આ અંગે મહિલા કોંગ્રેસ સમિતિના અગ્રણીઓના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં અનેક સ્થળે શૈક્ષણિક સંસ્થાઓની બહાર અસામાજિક તત્વો અડીંગો જમાવીને બેસી જાય છે ત્યારે અહીંથી પસાર થતી વિદ્યાથીનીઓની સલામતી જોખમાય છે. કયારેક આ વિદ્યાથીનીઓ છેડતીનો ભોગ પણ બનતી હોય છે. તેમ છતાં શૈક્ષણિક સંસ્થાના સત્તાવાળાઓ દ્વારા સીસી ટીવી કેમેરા મુકવામાં આવતા નથી. જેના કારણે કદાચ ભવિષ્યમાં મહેસાણામાં કોલેજની યુવતી પર થયેલા એસિડ એટેકનું પુનરાવર્તન થાય તો નવાઈ નહિ. જેથી સત્વરે શાળા, કોલેજોની બહાર વિદ્યાથીનીઓની સલામતી માટે સુરક્ષા માટે ઘટતી કાર્યવાહી કરવી જોઈએ.

જીલ્લા મહિલા કોંગ્રેસના નિર્મલા પંચાલ દ્વારા હિંમતનગરમાં રેલી ટાવર ચોક થઈ જિલ્લા સેવાસદન ખાતે પહોંચી હતી. ત્યારબાદ કલેકટરને સંબોધીને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

પ્રાંતિજના બોભામાં સત્સંગ મેળાવડો યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોભા ગામે સ્વ. સંતોકબેન લાલજીભાઈ ચૌધરીના સ્મરણાર્થે રવિવારના રોજ સત્સંગ મેળાવડો યોજાયો હતો. જેમાં બોભા ગામમાં સંતોની પધરામણી થતાં જ આખુંય ગામ ભક્તિમય બની ગયું હતું. બોભા ગામે પંચરત્ન પરિવાર દ્વારા આયોજિત સત્સંગ મેળાવડો યોજાયો હતો. જેમાં લાલજી મહારાજ શામળીયા સાધના આશ્રમ વક્તાપુર, સંત કેવલ સંપ્રદાયના સંત દયાલદાસ અને લક્ષ્મણસિંગ ભગતની પધરામણી થઈ હતી અને ફુલહાર દ્વારા સ્વાગત કરી આશીર્વાદ લઈ ધન્યતા અનુભવી હતી. જયારે બોભા ગામ તથા આજુબાજુમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા અને ચરણ સ્પર્શ કરી સંતોની વાણીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

પિલુન્દ્રા પ્રાથમિક શાળાનું ગૌરવ

પ્રાંતિજ તાલુકાના પિલુન્દ્રા ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભમાં અંડર-૧૩માં યોગાસનમાં ખડિયા રાહુલ પ્રવીણભાઈ, જોષી તન્વી ભરતભાઈ જયારે અંડર-૧૬માં મકવાણા મહેશભાઈ કાળાજી, મકવાણા નેહાબેન ધનાજી જયારે ચેસમાં રાવલ પલક ચંદ્રકાન્તભાઈ આ તમામે તમામ પિલુન્દ્રા શાળાના વિદ્યાર્થીઓ તાલુકામાં પ્રથમ નંબરે વિજેતા બની શાળાનું ગૌરવ વધાર્યું છે. જયારે આ બાળકો આવનાર દિવસોમાં જિલ્લા કક્ષાએ ભાગ લેનાર છે. જયારે શાળામાં આચાર્ય રાજેશ કુમાર હરિભાઈ પંડ્યા તથા સ્ટાફ અને એસ.એમ.સી.ના સભ્યો અને ગામજનોએ વિજય થયેલ વિદ્યાર્થીઓનું સન્માન કરી અભિનંદન પાઠવ્યા હતા. જયારે શાળાના શિક્ષક હસમુખ પટેલ અને રીનલબેન પટેલ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું.

ધાનેરા પોલીસે જડીયા ગામ પાસેથી દારૂ ભરેલ ગાડી ઝડપી

ધાનેરા, તા.૭

ધાનેરા પોલીસે જડીયા ગામ પાસે નાકાબંધી કરી વિદેશી દારૂ ભરીને આવતી તુફાન ગાડી ઝડપી પાડી હતી અને બે ઈસમોને જેલના હવાલે કરી રૂપિયા ૧,૭૨,૮૦૦ નો દારુ કબજે લીધો હતો.

થરાદ ડીવાયએસપી ઉમેશ પટેલને બાતમી મળતા ધાનેરા પીઆઈ જે.એમ. ચુડાસમા, ભેમજીભાઈ, હરેશભાઈ તથા કરણસિંહ વગેરેની ટીમે નાકાબંધી કરી હતી અને જડીયા ચાર રસ્તા પાસે રાજસ્થાન તરફથી આવી રહેલ તુફાન ગાડી નં. જીજે.૨૪.યુ. ૯૫૩૪ ને ઉભી રખાવવાની કોશિશ કરતાં ગાદી ચાલકે ગાડી ભગાડી મુકેલ જેથી પોલીસે પીછો કરી ગાડીને પકડી પાડેલ અને તેમાં તપાસ કરતાં ગાડીમાંથી પરપ્રાંતીય દારુ તથા બીયરની ૧૧૫૨ બોટલો મળી આવેલ જેની અંદાજિત કિંમત રૂા. ૧.૭૨,૮૦૦ તથા ગાડીની કિંમત રૂા. ૨ લાખ

કુલ મળી રૂા. ૩.૭૨, ૮૦૦/- નો મુદ્દામાલ કબજે લીધો હતો અને ગાડીમાં બેઠેલા બંને ઈસમો મહેશ શંકરલાલ પરીહાર રહે, હર્ષિદનગર સોસાયટી, મહેસાણા તથા મુસ્તાક અબ્દુલ રશીદ મન્સૂરી રહે, મન્સૂરી વાસ, કડી, તા. કડી વાળાને જેલના હવાલે કર્યા હતા અને વધુ પૂછપરછ હાથ ધરાઈ હતી.

એક તરફ પોલીસ દારૂ પકડી રહી છે ત્યારે બીજી તરફ થાવર ખાતે એક હોટલ ઉપર ખુલ્લેઆમ દારુનું વેચાણ થઈ રહ્યું છે. તેમ છતાં પોલીસ કોઈ પણ પ્રકારના પગલાં ન ભરતાં લોકોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. પોલીસ વડા આ બાબતે પગલાં લઈ આ દારૂની હાટડી બંધ કરાવશે કે કેમ?

પાલનપુર ખાતે જન જાગરણ હેતુ ન્યાયયાત્રા યોજાઈ

ભારતીય કાયદામાં સુધારો લાવવા ફોરમફોર ફાસ્ટ જસ્ટીસ સોસાયટી દ્વારા કરાઈ માંગ

બનાસકાંઠાના પાલનપુરમાં આજે ફોરમ ફોર ફાસ્ટ જસ્ટીસ દ્વારા જનજાગરણ હેતુ ન્યાય યાત્રા યોજવામાં આવી હતી.જેમાં ન્યાય પ્રક્રિયામાં થતા વીલંબને દુર કરવા ન્યાયતંત્રમાં સુધારો લાવવાની માંગ કરવામાં આવી હતી.ભારતમાં ન્યાયએ નાગરીકનો જન્મસિધ્ધ અધીકાર છે.પરંતુ અદાલતમાં થતા અતીશય વીલંબના કારણે લોકોને ન્યાયના બદલમાં સરળતાથી તારીખ ઉપર તારીખો મળતી રહે છે.દેશમાં કેશોમાં સતત વધારો થઈ રહ્યો છે.જેની સામે પુરતી અદાલતો અને ન્યાયાધીશોને હોઈ અદાલતોમાં કેશોનો ભરાવો થઈ રહ્યો છે.બીજીબાજુ કેશોના ભરાવાથી ન્યાય પ્રકીયા વીલંબમાં પડી રહી છે.ત્યારે લોકોને ઝડપી ન્યાય મળે તેમાટે ન્યાયતંત્રમાં સુધારો લાવવાની માંગ સાથે ફોરમફોર ફાસ્ટ જસ્ટીસ સોસાયટી દ્વારા મહાત્મા ગાંધીના નિર્વાણદીને ૩૦ જાન્યુઆરીથી દેશમાં પ્રથમવાર કાશ્મીરથી કન્યાકુમારી સુધીની ઐતિહાસિકક ન્યાયયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.જેમાં એક દીલ્લીના રાજઘાટ ખાતેથી અને બીજી કચ્છથી કલકત્તા સુધીની યાત્રાનો પ્રારંભ કરાયો છે.જે યાત્રા પાલનપુર ખાતે આવી પહોંચી હતી અને નગરનું ભ્રમણ કરી કાયદામાં સુધારો લાવવા માટે જનજાગૃતીનો સંદેશો ફેલાવ્યો હતો.આ ન્યાયયાત્રામાં પાલનપુર લો-કોલેજના વીદ્યાર્થીઓ, પ્રોફેસરો સહીત આગેવાનો જોડાયા હતા.ભારતભરનું ભ્રમણ કરી આ ન્યાયયાત્રાનું આગામી ૪ માર્ચથી દીલ્લીના જંતર-મંતર ખાતે સમાપન કરાશે.

સંક્ષિપ્ત સમાચાર

ખેડબ્રહ્માની સ્ટેશન વિસ્તારની રાજપુતાના હોટલને સીલ કરાઇ

હિંમતનગર, તા.૭

ખેડબ્રહ્મા સ્ટેશન વિસ્તારમાં આવેલી રાજપુતાના (દરબાર) હોટલના ધંધાનું સ્થળ વાણિજ્યક હેતુ માટે એન.એ. કરાવ્યું ન હતું. તેથી ડેપ્યુટી કલેક્ટર બી.આર.સકસેનાએ અગાઉ આ હોટલનો પરવાનો રદ કરી હોટલ બંધ કરવા સુચના આપી હતી. છતાં હોટલનું સંચાલન બંધ ન કરાતા શુક્રવારે મામલતદાર વી.બી.મકવાણા દ્વારા હોટલની પરિસ્થિતિ યથાવત જાળવી રાખવા રાજપુતાના (દરબાર) હોટલને સીલ મારવામાં આવ્યું હતું. જેથી રહેણાંક હેતુના સ્થળે વાણિજ્યક હેતુનો ઉપયોગ કરતા વેપારીઓમાં સોપો પડી ગયો છે.

પરોસડા નજીકથી ૨૦૦ લીટર દેશી દારૂ સાથે રાજસ્થાનનો ઇસમ જબ્બે

હિંમતનગર, તા.૭

વિજયનગર તાલુકાના પરોસડા નજીકથી પોલીસે ગુરૂવારે સવારે ૨૦૦ લીટર દારૂ લઈને ગુજરાતમાં ગેરકાયદેસર રીતે પ્રવેશતા રાજસ્થનના ઇસમને ઝડપી લીધો હતો. જેની વિરૂધ્ધ પ્રોહીબિશન એકટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી કરી હતી, સાથે જ રૂા.૫ હજારનો દેશી દારૂ અને રૂા.૨૦ હજારની બાઈક મળી રૂા.૨૫ હજારનો મુદ્દામાલ પણ કબજે લીધો છે.

વિજયનગર પોલીસ મથકના પી.એસ.ઓ. કાન્તીલાલ હોથાના જણાવ્યા અનુસાર વિજયનગર પોલીસ સબ ઈન્સપેકટર એ.બી.ઠાકોરને ગુરૂવારે સવારે પરોસડા નજીકથી બાઈક પર કોથળામાં ભરી દેશી દારૂ ઘૂસાડવામાં આવી રહ્યાની બાતમી મળી હતી. રાજસ્થાનના સીમ્બાસા તરફથી વિજયનગર તરફ આવતી બાઈક નં.જીજે.૯. સીજી.૦૯૩૧ ને ઉભી રખાવતા ચાલકે બાઈક ઉભી ન રાખતા તેનો પીછો કર્યો હતો. જેમાં બાઈક ચાલકને પકડતા તે રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના ઝાડોલ તાલુકાના ચાલીસ બોકડા ગામનો અનિલ સોમાજી કલાસવા હોવાનું જણાવ્યુ હતું.

પાલની યુવતીને હારીજનો યુવક લગ્નના ઇરાદે ભગાડી જતા ફરિયાદ

હિંમતનગર, તા.૭

વિજયનગર તાલુકાની પાલ ગામની ૧૯ વર્ષિય યુવતીને ગત સોમવારે પાટણ જીલ્લાના હારીજ તાલુકાના દુનાવાડા ગામનો યુવક લગ્ન કરવાના ઇરાદે ભગાડી ગયો હતો. આ મામલે યુવતીની માતાએ યુવક વિરૂધ્ધ શુક્રવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પાલ ગામના વિનોદભાઈ ધુળાભાઈ પટેલની ૧૯ વર્ષિય દિકરી અંકિતાને પાટણ જીલ્લાના હારીજ તાલુકાના દુનાવાડા ગામનો યુવક સુરેશ હરખાભાઈ ચૌધરી ગત સોમવારે લગ્ન કરવાના ઇરાદે ભગાડી ગયો હતો. અંકિતાના પિતા વિનોદભાઈ શિક્ષક હોઈ શાળામાં હતા. જયારે માતા વિણાબેન વિજયનગર ખાતે દુકાન ધરાવતા હોઈ દુકાને હતા. વિનોદભાઈએ અંકિતાને સોમવારે ઘરે જ જણાતા પોતાના સગાવ્હાલાઓના ત્યાં શોધખોળ આદરી હતી. તેણીની શુક્રવાર સુધી ભાળ ન મળતા વિનોદભાઈને પોતાની દિકરી અંકિતાને લગ્નના ઇરાદે ભગાડી ગયાનું માલુમ પડતા વિનોદભાઈ અને તેમની પત્ની વિણાબેને સુરેશ ચૌધરી વિરૂધ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.